# સેકટર-૨૨ ખાતે બંધ મકાનમાં ૬.૨૨ લાખની મત્તાની ચોરી



## ચોર ઈસમો ઘરમાંથી રૂ.૩.૫૦ લાખ રોકડા અને દિકરીના લગ્ન માટે બનાવેલા ઘરેણા પણ લઈ ગયા, પરિવાર લેકાવાડા ગયો હતો તે સમયે તસ્કરોએ ઘરને નિશાન બનાવ્યું, તસ્કરોને પકડવા માટે પોલીસનો ધમધમાટ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં ઘરફોડીયાઓએ તરખાટ મચાવ્યો છે. બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો કળા કરી પલાયન થઈ જાય છે. નાગરીકો ઘર સુના મુકીને જતા પણ ગભરાઈ રહ્યા છે. પાટનગરમાં તસ્કરોને પગલે નગરજનોના ઘરની સલામતી જોખમાઈ છે. ત્યારે સેકટર-૨૨ ટ્રાફિક પોલીસ મથકની નજીક આવેલા રહેણાંક વિસ્તારમાં ઘરના મુખ્ય દરવાજા અને જાળીનું લોક તોડી અંદર પ્રવેશેલા તસ્કરોએ રોકડા ૩.૫૦ લાખ અને રૂ.૨.૭૨ લાખના દાગીનાની ચોરી કરી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસ શરુ કરી છે.

મળતી માહીતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૨ ટ્રાફિક પોલીસ મથકની બાજુમાં પ્લોટ નં. ૪૦૭-૨ ખાતે રહેતા અમરસિંહ જુજારસિંહ વાઘેલા પોતાના પરિવાર સાથે રહે છે. પરંતુ દિકરીના લગ્ન હોવાથી તેઓ લગ્નની તૈયારી માટે છેલ્લા બે માસથી લેકાવાડા ખાતે રહે છે. શુક્રવારના રોજ સવારના સમયે તેમના ઘરે ભાડે રહેતા મનુભાઈ પંચાલનો તેમના પર ફોન આવ્યો હતો. તેઓએ કહ્યું હતું કે ગુરુવારના રોજ રાત્રીના સાડા દશ વાગે આવ્યો હતો ત્યારે નીચે ઘરે લોક મારેલુ હતું.જયારે શુક્રવારના રોજ સવારે ૮ વાગે બહાર જવા માટે નીકળતા હતા ત્યારે ઘરની જાળી તેમજ ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. જેથી ફરીયાદી તાત્કાલીક ઘરે આવી પહોંચ્યા હતા. તેઓ ઘરમાં જઈને તપાસ કરતા તિજોરીમાંથી સમાન વેરવિખેર પડ્યો હતો. ઘરમાં તપાસ કરતા રૂ.૩.૫૦ લાખ રોકડા, અને દિકરીને લગ્નમાં આપવા માટે બનાવેલા સોના ચાંદીના દાગીના કિં.૨.૭૨ લાખ મળી કુલ રૂ.૬.૨૨ લાખની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફુટેજ,ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

**ઘરમાંથી ચોરી થયેલ ચીજવસ્તુ**

૫૦ હજારની સોનાની ૭ વીંટી, રૂ.૯૦ હજારના સોનાના કડા, રૂ.૬૦ હજારનું સોનાનું બુટ્ટી સાથેનું ડોકીયું, રૂ.૩૦ હજારની સોનાની ચેઈન, રૂ.૩૦ હજારની સોનાની ત્રણ બુટ્ટી, ૫ હજારની ચાંદીની પગની ત્રણ સેરો, ચાંદીના નાના ૧૫ કડા અને ૧૫ લકી, તેમજ રોકડા રૂ.૩.૫૦ લાખ મળી કુલ રૂ. ૬.૨૨ લાખની મત્તાની ચોરી થવા પામી છે.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા આજે ગાંધીજીને પુષ્પાંજલિ નહિ અર્પવામાં આવતાં નગરજનોમાં નારાજગી પ્રસરેલી જોવા મળી હતી.
- રાજ્ય સરકાર દ્વારા પણ ખાદીમાં વળતરની યોજના ૫ મી ઓકટોબરથી જાહેર કરવાના નિર્ણયે ખાદી પ્રેમીઓમાં ચર્ચા જગાવી છે.
- રાજયના શિક્ષણમંત્રી ચુડાસમા આજે ખાદી ખરીદવા માટે ખાદીભવન ગયા હતા.
- ગાંધી જયંતિ નિમિત્તે વ્યસનોથી મુક્ત થવાનો સંદેશ ઝિલીયા આશ્રમના ટ્રસ્ટી અને ગાંધીવાદી નેતા માલજીભાઈ દેસાઈએ આજે વિદ્યાર્થીઓ-યુવાનોને સંબોધનમાં આપ્યો હતો.
- ભાજપ દ્વારા આજે વિવિધ વોર્ડમાં સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યુ હતુ.
- બિહાર વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે ગુજરાતના ૧૦ સનદી અધિકારીઓની નિરીક્ષક તરીકે નિમણુંક કેન્દ્રીય ચૂંટણી પંચે કરી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




# સેકટર-૨૧ ખાતે રેપીડ એન્ટીજન ટેસ્ટ સેન્ટર ખાતે નાગરીકોનો હોબાળો

ગાંધીનગર, તા. ૨

૬ માસથી વધુ સમય થયો હોવા છતા કોરોનાનો કહેર યથાવત છે. પાટનગરમાં પણ દિન પ્રતિદિન કોરોનાના આંકડા વધી રહ્યા છે. કોરોનાના સંક્રમણને પગલે સરકાર પણ ચિંતિત નજરે પડી રહી છે. ત્યારે રાજયના પાટનગરમાં મનપા તંત્ર દ્વારા નાગરીકો માટે સેકટર-૨૧ ખાતે રેપીડ એન્ટીજન ટેસ્ટ સેન્ટર ઉભુ કરાયું છે. જેમાં ૨૦૦ જેટલા નાગરીકો રેપીડ એન્ટીજન ટેસ્ટ કરાવી રહ્યા છે. ત્યારે શુક્રવારના રોજ રજાનો માહોલ હોવાથી મોટીસંખ્યામાં નાગરીકો ટેસ્ટ માટે લાઈનમાં ઉભા હતા. ત્યારે એન્ટીજન ટેસ્ટ સેન્ટર ખાતે કર્મચારીઓ હાજર ન હોવાથી નાગરીકોએ હોબાળો મચાવ્યો હતો.

ગાંધીનગર શહેરમાં વધતા જતા કોરોના સંક્રમણને પગલે મહાનગર પાલિકા તંત્ર દ્વારા રેપીડ એન્ટીજન ટેસ્ટ સેન્ટર શરુ કરાયા છે. આ ટેસ્ટ સેન્ટર ખાતે નાગરીકો સામેથી ટેસ્ટ કરાવી રહ્યા છે. સવારે ૧૧ થી ૧ અને બપોરે ૩ થી ૫ દરમિયાન ટેસ્ટ કરવામાં આવે છે. ત્યારે કોરોના અંગે નાગરીકોમાં જાગૃતી આવતા સેન્ટર ખાતે એક દિવસના અંદાજીત ૨૦૦ જેટલા એન્ટીજન ટેસ્ટ થઈ રહ્યા છે. ત્યારે સેકટર-૨૧ ખાતે બપોરના સુમારે એન્ટીજન ટેસ્ટ માટે નાગરીકોની લાઈન લાગી હતી, પંરતુ ટેસ્ટ થતા ન હતા. જેથી ગરમીમાં ઉભા રહેલા નાગરીકો કંટાળી જતા હોબાળો મચાવ્યો હતો. ત્યારે સેન્ટર ખાતે હાજર કર્મચારીઓને પુછતા તેઓએ ટેસ્ટીંગ કરતો કર્મચારી હાજર ન હોવાથી નાગરીકોને ઉભુ રહેવું પડ્યું હતું. જો કે કર્મચારી આવી જતા એન્ટીજન ટેસ્ટ શરુ કરી દીધા હતા અને નાગરીકો પણ શાંત પડી ગયા હતા. પરંતુ એન્ટીજન ટેસ્ટ કરનાર કર્મચારી કોઈ વીઆઈપી વ્યકિતની સેવામાં ગયો હોવાની ચર્ચા જોરશોરથી ચાલી રહી હતી.




## મહાત્મા ગાંધીજીની જન્મજયંતી અવસરે શ્રદ્ધાસુમન અર્પણ કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨


ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે મહાત્મા ગાંધીજીની જન્મજયંતી અવસરે પૂ. બાપુને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતુ કે મહાત્મા ગાંધીજીએ સત્ય અને અહિંસાના માર્ગ પર વિશ્વકલ્યાણ અને વિશ્વબંધુત્વના સંદેશ દ્વારા દેશના નાગરિકોને પ્રેરિત કર્યા હતા.

# સેકટર-૩માં ૧૫ વર્ષીય કિશોરના અપહરણનો પ્રયાસ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં સેકટર-૩ ખાતે ધોરણ-૧૦ માં અભ્યાસ કરી રહેલા ૧૫ વર્ષિય કિશોરના અપહરણના પ્રયાસની ઘટના પ્રકાશમાં આવી છે. કિશોર બપોરના સુમારે ટયુશન જઈ રહ્યો હતો તે સમયે માર્ગમાં કિશોરના અપહરણનો પ્રયાસ થયો હોવાના દાવા સાથે રહીશે સેકટર-૭ પોલીસ મથકમાં અરજી કરી છે.

શહેરના સેકટર-૩ ખાતે રહેતા નાગરીક પોતાના પરિવાર સાથે રહે છે. તેમનો દિકરો ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. ગુરુવારના રોજ બપોરના સુમારે તેમનો દિકરો બપોરના ૨ વાગ્યાના સુમારે સાયકલ લઈને ટયુશન જવા માટે નીકળ્યો હતો. અરજીમાં થયેલા દાવા મુજબ આ સમયે એક રીક્ષા ચાલક કિશોર પાસે આવ્યો હતો અને તેને એક ચિઠ્ઠી દેખાડીને સરનામુ પુછ્યું હતું. તે સમયે રીક્ષા ચાલક અને પાછળ સીટમાં બેઠેલા વ્યકિતએ કિશોરના હાથ પકડ્યો હતો. તે સમયે કોઈ વ્યકિત પદાર્થ નાખતા કિશોરે હાથ છોડાવવા પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ કિશોર અર્ધ બેભાન અવસ્થામાં હાથ છોડાવીને જતો રહ્યો હતો. સેનેટાઈઝરની જેવી સ્મેલવાળા કોઈ પદાર્થની અસરને પગલે તે આગળ જઈને માર્ગ પર પડી ગયો હતો. જેથી રીક્ષા ચાલકો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ સમયે ત્યાંથી પસાર થતા નાગરીકની નજર નીચે પડેલા કિશોર પર પડતા તેની નજીક જઈ પુછપરછ કરી હતી. જેથી કિશોરે આ સેકટરમાંજ રહેતો હોવાનું કહ્યું હતું. જેથી નાગરીક કિશોરને ઘરે મુકી ગયા હતા.કિશોરે ઘરે પહોંચીને બનાવ અંગે વાત કરતાતેના પિતાએ આ અંગે સેકટર-૭ પોલીસ મથકે અરજી કરતા પોલીસે તપાસ શરુ કરી છે.






કોરોનાકાળમાં ગાંધી જયંતિની ઉજવણી સોશીયલ ડિસ્ટન્સીંગ સાથે કરવામાં આવી હતી. વિધાનસભા સંકુલમાં સ્થિત ગાંધીજીની પ્રતિમાને શહેર કોંગ્રેસના અગ્રણીઓ અને ગાંધીનગર વસાહત મહામંડળના અગ્રણીઓએ ફુલહાર પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.




## સે. ૨૧માં જિલ્લા પુસ્તકાલય ખાતે ગાંધી સાહિત્યનું પુસ્તક પ્રદર્શન યોજાયું

ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતેના સરકારી જિલ્લા પુસ્તકાલયની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આજે દેશભરમાં પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની દ્વિવાર્ષિક ઉજવણી પૂર્ણ થઈ રહી છે, જેની ઉજવણીના ભાગરૂપે સે. ૨૧ના જિલ્લા પુસ્તકાલય ખાતે યોજાયેલ ગાંધી સાહિત્યનું પુસ્તક પ્રદર્શન અને સફાઈ અભિયાનને મહાનગરપાલિકાના સ્થાનિક કોર્પોરેટર તેમજ સ્થાયી સમિતિના સભ્ય પ્રીતિબેન દવેના હસ્તે સવારે ૯ કલાકે ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે પ્રજાજનો ગાંધી સાહિત્યથી માહિતગાર બને અને ગાંધીવિચારથી વસ્તુથી અવગત થાય તેવો પ્રયાસ ગ્રંથપાલ ડૉ. જયરામ દેસાઈ દ્વારા કરવામાં આવ્યો હતો.

# ગાંધીનગર જિલ્લો ૧૦૦ ટકા 'નલ સે જલ' જાહેર કરાતાં રાજયના વિકાસમાં અગ્રેસર જિલ્લો બની રહેશે

ગાંધીનગર, તા. ૨

''નલ સે જલ'' યોજના અંતર્ગત આજરોજ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર સહિત અન્ય ત્રણ જિલ્લાને ૧૦૦ ટકા નળ કનેકશન ધરાવતો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ગાંધીનગર ખાતે યોજાયેલ જિલ્લાકક્ષાના સમારંભમાં વન અને પર્યાવરણમંત્રી ગણપતસિંહ વસાવા ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે વન અને પર્યાવરણમંત્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે ગાંધી જયંતિ નિમિત્તે આજે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગાંધીનગર, મહેસાણા, આણંદ અને પોરબંદર જિલ્લાને ૧૦૦ ટકા નળ કનેકશન ધરાવતા જિલ્લાઓ જાહેર કરવામાં આવ્યા છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે પીવાનું પાણી ઘરે ઘરે આપવાની પરિકલ્પના કરી આ દિશામાં કામનો આરંભ કર્યો હતો. તેમની આ પરિકલ્પનાને સતત આગળ વધારવામાં આવી છે. જેથી આજે સૌરાષ્ટ્ર-કચ્છ જેવા જિલ્લાઓમાં ટેકર રાજ બંધ થયું છે. પાણી પહોંચાડવા માટે ટ્રેન- ટેન્કરનો ઉપયોગ ભૂતકાળ બની ગયો છે.

મંત્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારના શાસનમાં પાણી સંગ્રહના સુચારું આયોજન થકી ૨૪ કલાક વીજળી, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, ગામેગામ પાકાના રસ્તા, શિક્ષણ ની જેમ ગામેગામ નળથી પાણી આપવાનું ભગીરથ કામ કરવામાં આવ્યું છે. આદિવાસી વિસ્તારમાં ભૂતકાળની અંદર કુવા-નદી-હેન્ડપંપ દ્વારા પીવાના પાણીમાટે ઉપયોગ કરવામાં આવતા હતા. તે સમયે ૧૦ થી ૧૫ ટકા નળથી પાણી અપાતું હતું. આજે સરકારના સુચારૂ આયોજન થકી આદિવાસી વિસ્તારમાં ૭૦ ટકા શુધ્ધ પીવાનું પાણી નળથી પહોંચાડવામાં સફળતા મળી છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર ભારતમાં ૨૦૨૪ સુધીમાં તમામ ઘરોમાં ઘરે ઘરે નળ દ્વારા પાણી પુરૂ પાડવાના નિર્ધાર સામે ગુજરાત સરકાર દ્વારા નલ સે જલ યોજના-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં ૩૦૩ ગામોના લાખથી વધુ ઘરોને નળ કનેકશન દ્વારા પાણી આપવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૭૪ ગામના ૯૪ હજાર કરતા વધુ, કલોલ તાલુકામાં ૬૯ ગામોમાં ૭૪ હજાર કરતા વધુ, માણસા તાલુકામાં ૬૭ ગામોમાં ૫૬ હજાર કરતા વધુ અને દહેગામ તાલુકામાં ૫૭ હજાર કરતાં વધુ ધરોમાં હાલ નળ કનેકશનથી પાણી આપવામાં આવે છે


## ગાંધી જયંતિએ ગાંધી જન્મભૂમિ પોરબંદરના કીર્તિ મંદિરની પ્રાર્થનાસભામાં ડિજિટલી સહભાગી થતા મુખ્યમંત્રી

### વિશ્વની બધી જ સમસ્યાઓના સમાધાન ગાંધી વિચારધારામાં છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૧૫૧મી ગાંધી જયંતિએ પોરબંદરમાં કીર્તિ મંદિર ખાતે આયોજિત પ્રાર્થના સભામાં વીડિયો કોન્ફરન્સથી સહભાગી થતા સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે વિશ્વની બધી જ સમસ્યાઓના સમાધાન ગાંધીજીની શાશ્વત વિચારધારામાં રહેલા છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે પૂજ્ય બાપુની રામરાજ્ય, કલ્યાણ રાજ્ય અને સૌના ઉત્થાનની ભાવના આજે 'સૌના સુખે



સુખી, સૌના દુ:ખે દુ:ખી'ની પ્રાર્થના ભાવથી સૌ સાથે મળીને ચરિતાર્થ કરે તે સમય ની માંગ છે.

મુખ્યમંત્રીએ મહાત્મા ગાંધીજીએ સ્વચ્છતા, સફાઈને જે આજીવન અહેમિયત આપી હતી તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે આજના કોરોના સંકટના વૈશ્વિક સંક્રમણમાં માસ્કનો ઉપયોગ, વારંવાર હાથ સેનેટાઈઝ કરવા, દો ગજ કી દુરી થી સોશિયલ ડિસ્ટન્સ એ જ સ્વચ્છતા અને સ્વસ્થતાના સરળ-સહજ ઉપાયો છે.

તેમણે ઉમેર્યું કે પૂજ્ય બાપુએ સ્વરાજ્ય અપાવ્યું અને સ્વરાજ્યની સંકલ્પના આપી હતી.

આપણે હવે સુરાજ્ય સાથે રામરાજ્ય એટલે કે સૌના હિત સૌના ઉત્કર્ષની પ્રતિબધ્ધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈના નેતૃત્વમાં પાર પાડવી છે. મુખ્યમંત્રીએ ગુજરાતે સદા સર્વદા ગાંધીજીના આદર્શ, ગાંધી વિચાર અને તેમના ચિંધેલા માર્ગે ચાલીને દેશ અને દુનિયાનું માર્ગદર્શન કર્યું છે તેનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો.



કોર્પોરેટર રાકેશભાઈ પટેલ દ્વારા પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં શહેર કોંગ્રેસના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વાંચનપ્રેમી વસાહતીઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી પોતાને ગમતાં પુસ્તકો વાંચન માટે લીધા હતા.

## શિક્ષિત યુવા બેરોજગાર સમિતિના હોદેદારોને ડીટેઈન કરાયા

ગાંધી જયંતિ નિમિતે શિક્ષિત યુવા બેરોજગાર સમિતિ દ્વારા મહાત્મા મંદિર થી ગાંધી આશ્રમ સુધી રેલીનું આયોજન કરાયું હતું. શિક્ષિત બેરોજગાર સમિતિના સભ્યો મહાત્મા મંદિર ખાતે ૧૨ વાગે એકઠા થયા હતા અને રાષ્ટ્રગાન તેમજ રામધુન ગાઈને અમદાવાદ જવા માટે પ્રસ્થાન કર્યું હતું. પરંતુ તે સમયે હાજર પોલીસ જવાનો દ્વારા સમિતિના ૫૦ જેટલા ભાઈ બહેનોને પકડીને ડીટેઈન કરીને લઈ જવાયા હતા.